# પજવણી, ધાકધમકી કે ગુંડાગીરી

સપ્ટેમ્બર ૨૦૧૧ થી અમલી

પજવણી, ધાકધમકી કે ગુંડાગીરી એટલે કોઈ પણ લેખિત, મૌખિક કે શારીરિક વર્તાવ કે ઈલેકટ્રોનિક સંદેશવ્યવહાર, એ એક જ વાર બને કે વારંવાર બને, એનાથી વ્યાજબીપણે એમ લાગે કે એ ખરેખર એના (પજવણી, ધાકધમકી કે ગુંડાગીરી) માટે જ બન્યો છે, અથવા તો એમ લાગે કે એ કોઈ ચોકકસ વંશ, રંગ (ત્વચાનો), ધર્મ, વંશપરંપરા, રાષ્ટ્રીયતા, જાતિની પસંદગી, જાતિની ઓળખાણ અને હાવભાવ અથવા માનસિક, શારીરિક અથવા સંવેદનાત્મક અસમર્થતા કે અન્ય ભેદ ધરાવતી લાક્ષણિકતા (માટે બન્યો છે), જે સ્કુલની માલિકીની જગ્યા પર અથવા સ્કુલે આયોજીત કરેલ કાર્યક્રમ કે સ્કુલ-બસમાં કે સ્કુલના મેદાનની બહાર કરવામાં આવે અને સ્કુલની નિર્ધારિત પ્રક્રિયાઓમાં કે અન્ય વિદ્યાર્થીઓને પ્રત્યક્ષ રીતે તકલીફ પહોંચાડે કે વિક્ષેપ પાડે.

"ઈલેકટ્રોનિક સંદેશવ્યવહાર" એટલે કોઈ પણ ઈલેકટ્રોનિક ઉપકરણ જેવાં કે ટેલિફોન, મોબાઈલ ફોન, કમ્પ્યુટર કે પેજર દ્વારા માહિતી મોકલવામાં આવે.